# આજે ૮૬૨૪ ગ્રામ પંચાયત ચૂંટણીનું પરિણામ

## વિધાનસભા માટે ચૂંટણીનું ગ્રાન્ડ રિહર્સલ હોવાથી ગુજરાતની રાજકીય દશા અને દિશા ચૂંટણી પરિણામોથી નક્કી થાય તેવો રાજકીય પંડિતોનો સ્પષ્ટ મત

અમદાવાદ, તા.૨૮

રાજ્યની ૮૬૨૪ ગ્રામ પંચાયતોની ગઈકાલે મંગળવારે યોજાયેલી ચૂંટણીનું કુલ મતદાન ૮૦.૧૨ ટકા જેટલું ઉંચુ નોંધાયા બાદ હવે મતગણતરીને લઈને ભારે ઉત્તેજના પ્રવર્તી રહી છે. આવતીકાલે ગુરૂવારના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. ગુજરાતની ગ્રામ પંચાયતોની ચૂંટણીને આગામી વિધાનસભાની ચૂંટણીનું ગ્રાન્ડ રિહર્સલ ગણવામાં આવી રહ્યું હોવાથી આ ચૂંટણીના પરિણામ ખૂબ જ મહત્વપૂર્ણ પુરવાર થઈ શકે છે. ચૂંટણી પરિણામ આવ્યા બાદ જ ગુજરાતની ભાવિ રાજકીય દિશા અને દશા શું હશે તે અંગે કઈ કહી શકાશે. ચૂંટણી પરિણામોને લઈને ગુજરાતના બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. રાજ્યના નાબ મુખ્ય ચૂંટણી કમિશનરની સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યની ૧૦૨૭૯ ગ્રામ પંચાયતો પૈકી કેટલીક ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ તેમજ કેટલીક ગ્રામ પંચાયતો અંશત બિનહરીફ જાહેર થયા બાદ ૮૬૨૪ જેટલી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ હતી. હવે આવતીકાલે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગ્રામ પંચાયત ચૂંટણીમાં રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. મતદાનની ટકાવારી ૮૦.૧૨ ટકા નોંધાઈ હતી. છુટાછવાયા બનાવોને બાદ કરતા મતદાન એકંદરે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું. રાજ્ય ચૂંટણી પંચને મળેલા અહેવાલ પ્રમાણે ૬ કિસ્સામાં ચૂંટણી અધિકારીઓ દ્વારા છપાવવામાં આવેલા મતપત્રોમાં ઉમેદવારોના નામ અને પ્રતિકમાં છાપકામમાં ખામીઓ નજરે પડી હતી. કાર્યરીતિની અનિયમિતતાના પરિણામ સ્વરૂપે છ કિસ્સામાં આજે સવારે ૮થી લઈને સવારે ૫ વાગ્યા સુધી ફેરમતદાન યોજાયું હતું. આ તમામ ગ્રામ પંચાયતોના મતદાનની મતગણતરી આવતીકાલે ૨૯મીએ હાથ ધરવામાં આવનાર છે. ઉમેદવારીપત્રોની ચકાસણી પછી ૨૭મીએ મતદાન શરૂ થાય તે પહેલા ગ્રામ પંચાયતમાં સરપંચની બેઠક માટેના હરીફ ઉમેદવારોનું અવસાન થવાના ચાર કિસ્સા સપાટી પર આવ્યા હતા. ગ્રામ પંચાયતના વોર્ડની બેઠક માટેના હરીફ ઉમેદવારનું અવસાન થવાના આઠ બેઠકોના કિસ્સામાં આ બેઠકોની ચૂંટણી રદ કરવામાં આવી હતી. આ બેઠકોની ચૂંટણી યોજવા રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. આવતીકાલે યોજાનારી મતગણતરીને લઈને તૈયાર કરી લેવામાં આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ ૨૯મી ડિસેમ્બરે કુલ ૨૫૨ સ્થળ પર, ૧૬૪૩ હોલમાં, ૪૨૦૦ ટેબલ પર ૧૭૩૪૭ સ્ટાફ દ્વારા ૨૯મીએ મતગણતરી હાથ ધરાશે. ગત ચૂંટણીમાં ૭૭ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. રાજ્ય ચૂંટણી પંચ સત્તાવાર રીતે જાહેર કર્યા મુજબ કુલ ૧૦૨૭૯ ગ્રામ પંચાયતની ચૂંટણી હતી જેમાંથી ૧૩૨૫ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે જેથી ગઈકાલે ૮૬૨૪ ગ્રામ પંચાયત માટે મતદાન યોજાયું હતું. ચૂંટણીને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પ્રથમવાર મતદારો નોટાનો ઉપયોગ કર્યો હતો. સરપંચના હોદ્દા પર ૨૬૮૧૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ગ્રામ પંચાયતની ચૂંટણી માટે કુલ ૧૨૦૯૩૬ ઉમેદવારો મેદાનમાં હતા. સરપંચ માટે કુલ ૨૬૮૧૩ ઉમેદવારોએ દાવેદારી કરી હતી. આ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧૬૫૯૮૯૮૩ મતદારો પૈકી મોટાભાગના મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જે મતદારો નોંધાયા હતા તે પૈકી પુરુષ મતદારોની સંખ્યા ૮૬૩૫૨૪૮ જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૭૯૬૩૭૩૫ નોંધાઈ હતી. ૮૯૫૨ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૨૨૩૮૨ મતદાન મથકોએ મતદાન થયું હતું.

## અમીરગઢ ચેકપોસ્ટ પાસે બે મુસ્લિમ ટેન્કરચાલકોને ગળુ કાપી મોતને ઘાટ ઉતારનારને આજીવન કેદ

પાલનપુર, તા.૨૮

અમીરગઢ ચેકપોસ્ટ ખાતે અઢી વરસ પહેલા મહેસાણાના બે દૂધ ટેન્કરના ચાલકોને તલવારથી ગળા કાપી મોતને ઘાટ ઉતારનારા હત્યારાને આજે પાલનપુરની પાંચમી એડિશનલ કોર્ટે આજીવન કેદની સજા ફટકારતા ચકચાર મચી છે.

બનાવની વિગત મુજબ તા.૨૬-૪-૨૦૧૪ના રોજ ઉસ્માનભાઈ અબુભાઈ સિંધી તથા ઈબ્રાહીમભાઈ સલુબાઈ મુસલામ મહેસાણાની દૂધસાગર ડેરીના દૂધ ભરેલ ટેન્કર નં. જીજે-૨-ઝેડ-૮૪૯૯ તથા જીજે-૨-વીવી-૩૫૫૪ લઈ દિલ્હી જવા નીકળેલ દરમિયાન રાત્રીના ૧ વાગેના સુમારે અમીરગઢ ચેકપોસ્ટ પાસે પહોંચેલ ત્યારે અચાનક અમીરગઢ પાસેના ડાભલા ગામનો અમથુસિંહ દિવાનસિંહ ડાભી તેની જીપ આગળ લાવી ટેન્કર ચાલકોને બિભત્સ ગાળો બોલી આ રોડ પર ચાલવું હોય તો ડાબોલાના દરબારને પૈસા આપવા પડશે તેમ કહી ઉશ્કેરાઈ જઈ જીપમાંથી તલવાર લઈ બંને ટેન્કર ચાલકો અબુભાઈ ગુલમહંમદ સિંધી તથા ઈબ્રાહીમભાઈ સિંધીને ગરદન પર તલવાર મારતા બંનેના મોત ઘટના સ્થળે જ નીપજતા અરેરાટી મચી જવા પામી હતી. આ અંગેનો ગુનો અમીરગઢ પો.સ્ટે.માં ફર્સ્ટ ગુના રજી.ને ૪૨/૧૪ની નોંધાયેલ.

આ અંગેનો કેસ આજે પાલનપુરની પાંચમી એડીશનલ કોર્ટમાં ચાલી જતા કોર્ફે સાંયોગિક પુરાવા અને દસ્તાવેજી પુરાવાના આધારે હત્યારા અમથુસિંહ ડાબીને ૩૦૨ના ગુનામાં આજીવન કેદની સજા ફટકારી છે. તથા કલમ ૩૦૭ના ગુનામાં દસ વર્ષની સજા અને કલમ ૩૪૧ માં ૧ માસની સજા ફટકારી છે.

આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ સી.જી. રાજપૂત અને હરેશભાઈ પટેલ ધારદાર રજુઆત કરી હતી.



અરવલ્લી જિલ્લામાં સોમવારે વહેલી સવારે ચાર વાગ્યે ભીલોડાના વજાપુર ગામની સીમમાં એક અવાવરું કૂવામાં ખબકેલા યુવાનને રેસ્ક્યુ ઓપરેશન દ્વારા હેમખેમ બહાર કાઢવામાં આવ્યો હતો.જેમાં કૂવામાં ખાટલો ઉતારી તેમાં સુવાડી બહાર કઢાયો હતો. હિંમતનગર તાલુકાના હરિપુરા ગામનો રહીશ આશરે ૨૫ વર્ષનો આ યુવાન ભીલોડાના વજેપુરની સીમમાં એક અવાવરું કૂવામાં ખાબયો હતો.કૂવામાં આકસ્મિક પડી ગયો કે અન્ય કારણ હશે તે જાણી શકાયું નથી પણ આ યુવાનને બચાવી લેવામાં આવ્યો છે.

## ગાંધીનગર જિલ્લામાં ક્યાં-કેટલું મતદાન

| બેઠક | મતદાન ટકા | મહુન્દ્રા | ૫૫.૭૪ |
|---|---|---|---|
| આદરજ મોટી | ૯૦.૦૦ | મેદરા | ૯૨.૦૭ |
| આલમપુર | ૭૭.૬૪ | નવા ધરમપુર | ૯૦.૩૨ |
| અડાલજ | ૭૧.૭૪ | પીંઢારડા | ૮૯.૪૦ |
| અંબાપુર | ૮૯.૧૪ | પીંપળજ | ૮૭.૧૬ |
| અમીયાપુર | ૭૭.૪૩ | પીરોજપુર | ૯૪.૧૨ |
| ભાટ | ૬૫.૬૬ | પોર | ૮૭.૯૮ |
| ભોયણ રાઠોડ | ૮૬.૪૩ | પ્રાંતિયા | ૮૫.૩૬ |
| ચંદ્રાલા | ૮૫.૫૨ | પુન્દ્રાસણ | ૮૩.૯૯ |
| ચેખલારાણી | ૮૮.૯૧ | રાંદેસણ | ૭૫.૬૯ |
| છાલા | ૭૮.૯૯ | રાંધેજા | ૬૭.૮૫ |
| ચિલોડા (ડ) | ૬૫.૩૩ | રતનપુર | ૪૦.૧૩ |
| ચિલોડા (ન) | ૬૭.૯૧ | રાયપુર | ૯૦.૩૫ |
| ડભોડા | ૮૭.૭૦ | રૂપાલ | ૬૪.૧૮ |
| દંતાલી | ૯૩.૦૨ | સાદરા | ૭૮.૭૮ |
| દશેલા | ૮૪.૬૯ | સરઢવ | ૮૨.૧૪ |
| ધણપ | ૮૫.૫૯ | શેરથા | ૮૨.૨૬ |
| દોલારાણા વાસણા | ૮૪.૧૩ | શાહપુર | ૫૭.૮૦ |
| ગીયોડ | ૪૭.૧૭ | શિહોલી મોટી | ૭૯.૭૬ |
| ઈસનપુર મોટા | ૮૨.૮૭ | સોનીપુર | ૯૧.૦૬ |
| જલુંદ | ૯૪.૪૯ | સુઘડ | ૬૭.૦૯ |
| જાખોરા | ૮૯.૧૧ | સોનારડા | ૮૭.૩૯ |
| જમીયતપુરા | ૮૭.૦૬ | તારાપુર | ૮૭.૨૨ |
| કાનપુર | ૯૨.૩૫ | ટીંટોડા | ૮૭.૬૫ |
| કાકાનું તારાપુર | ૮૩.૨૯ | ઉનાવા | ૮૩.૮૮ |
| ખોરજ | ૮૨.૮૮ | ઉવારસદ | ૬૬.૫૪ |
| કોબા | ૭૪.૨૪ | વડોદરા | ૮૧.૪૦ |
| કોલવડા | ૭૩.૦૬ | વીરતલાવડી | ૯૩.૨૭ |
| કોટેશ્વર | ૬૮.૭૫ | વાવોલ | ૫૪.૪૪ |
| કુડાસણ | ૬૯.૨૩ | વાસન | ૮૬.૮૩ |
| લવારપુર | ૩૩.૨૭ | વાંકાનેરડા | ૯૧.૦૯ |
| લેકાવાડા | ૮૪.૭૦ | ઝુંડાલ | ૬૨.૮૫ |
| લીંબડીયા | ૯૦.૪૮ | મોતીપુરા સાદરા | ૫૫.૮૫ |
| માધવગઢ | ૮૫.૫૦ | ગલુદન | ૫૩.૯૮ |
| મગોડી | ૮૭.૯૮ | કુલ | ૭૬.૬૨ |

## હડાદની એક યુવતી દહેજ ભૂખ્યા સાસરીયાવાળાઓની ભોગ બની

પાલનપુર, તા.૨૮

દાંતા તાલુકાના હડાલ ગામની એક યુવતીના લગ્ન એક વર્ષ અગાઉ આબુ રોડજના એક અગ્રવાલ પરિવારમાં થયેલ જયા માદ્દ લગ્નના છ, મહિના બાદ જ સાસરીયાવાળાઓમાં દહેજની ભૂક જાગતા યુવતી પાસેથી રૂા. ૧૦ લાખ જેટલી માતબર રકમ પિયરમાંથી લઈ આવવાની માંગ કરી હતી, જે માંગ ન સંતોષાતા સાસરીયાવાળાઓએ છ, માસ અગાઉ યુવતીને ભેગા કરી માર મારી કાઢી મૂકવાની ઘટનાને અગ્રવાલ સમાજમાં હાહાકાર મચાવેલ છે.

બનાવની વિગત એવી છે કે, હદાડ ખાતે રહેલી અગ્રવાલ પરિવારની એક યુવતીના ૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ રાજસ્થાનના આબુ રોડ ખાતે દ્વારકાપ્રસાદ મદનલાલ ગુપ્તાના સુપુત્ર રાહુલ ગુપ્તા, મનીષ મેડીકલવા સાથે હિન્દુ શાસ્ત્રોત વિધિ પ્રમાણે અંબાજી ખાતે લગ્ન થયા હતા, જે લગ્નમાં માત્ર છ, માસનાં ટૂંકા ગાળા બાદ સાસરીયા પક્ષ અને પોતાના પતિ રાહુલ ગુપ્તાના મનમાં લાલચ જાગતા આ યુવતી પાસેથી અનારનવાર કરિવાયર માટે મ્હેણાં ટોણાં મારેલ અને પોતાને હાલમાં નાણાંની જરૂરિયાત હોઈ પોતાના પિયરમાંથી રૂા. ૧૦ લાખ લઈ આવવા જણાવેલ, જો તેમ નહીં કરે તો ઘરમાંથી કાઢી મુકવા સુધીની ધમકી આપેલ જે વારંવાર આ પ્રકારની હરકત કરતા યુવતીએ જણાવેલ કે, મારો પરિવાર ગરીબ છે માંગણી મુજબના રૂપિયા લાવી શકું એમ નથી, તેવું જણાવતા યુવતીના સાસરા દ્વારકાપ્રસાદ, પતિ, રાહુલ ગુપ્તા -જેઠ મનીષ ગુપ્તા જેઓ પોતે આબુરોડ ખાતે સરકારી હોસ્પિટલમાં પોતાના ગાયનેક ડૉકટર તરીકેની ફરજ બજાવે છે તથા યુવતીની સાસુ મમતાબેને ભેગા મળીને ગડદાપાટુનો માર મારી કાઢી મુકેલ જે તમામ હકીકત યુવતીએ પોતાના પિતાને જણાવતા પિતાએ પોતાની દીકરી સાથે રાખી સદર બાબતે અંબાજી પોસીસમાં દહેજની માંગણી માર મારવા બદલ ગર્ભિત ધમકી આપવા તેમજ માનસિક ત્રાસ આપવા મામલે અંબાજી પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. જો કે, આ યુવતીએ પોતાના જેઠને સસરા પોતાના ઉપર કુદૃષ્ટિ રાખતા હોવાની પણ હકીકત જણાવતા આબુરોડના દ્વારકાપ્રસાદ તથા તેના સમગ્ર પરિવાર ઉપર લોકોએ ફીટકાર વર્ષાવી છે.



## નયનરમ્ય આકર્ષક કેલેન્ડરનું વિમોચન

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત ૨૦૧૭ના વર્ષના કેલેન્ડરનું આજે વિમોચન કર્યુ હતું. ૨૦૧૭ના નૂતન વર્ષનું આ કેલેન્ડર નયનરમ્ય આકર્ષક તસ્વીરો સાથે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને વિકાસગાથા પ્રસ્તુત કરતું આકર્ષક કેલેન્ડર બન્યું છે. આ કેલેન્ડર વિમોચન વેળાએ મુખ્યમંત્રીના સચિવશ્રી અશ્વિની કુમાર, માહિતી નિયામક એ. જે. શાહ, ડાયરેકટર જનરલ પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી રાઠોડ, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ અને સંયુકત નિયામક પુલક ત્રિવેદી ઉપસ્થિત હતા. વિજય રૂપાણીએ આ આકર્ષક કેલેન્ડરના નિર્માણ માટે માહિતી પરિવાર અને ગવર્મેન્ટ ફોટોલીથો પ્રેસના કર્મયોગીઓને બિરદાવ્યા હતા.

## મોડાસાના માધુપુર ગામનો ૧૨ વર્ષીય કિશોર ડેન્ગ્યુની ઝપેટમાં

મોડાસા, તા.૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ નજીક માધુપુરા ગામના રહીશ અને અમદાવાદ ખાતે અભ્યાસ કરતા કિશોરને ડેન્ગ્યુ પોઝીટીવ આવતા હાલ મોડાસાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મોડાસાના આ ૧૨ વર્ષીય કિશોર અમદાવાદ ખાતે ધો.૭માં અભ્યાસ કરે છે. અભ્યાસ દરમિયાન તેને તાવ આવતા અને તેની પ્રાથમિક સારવાર પછી પણ તાવ ચાલુ રહેતા તેને અમદાવાદથી વતન નજીક મોડાસા લાવવામાં આવ્યો હતો.

તેને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી તેના લેબોરેટરી ટેસ્ટ કરાવતા આ કિશોરને ડેન્ગ્યુ પોઝીટીવનો રિપોર્ટ આવ્યો છે અને હાલ મોડાસામાં જ સારવાર હેઠળ છે. ડેન્ગ્યુગ્રસ્ત કિશોરના ગામ માધુપુર ખાતે આરોગ્ય વિભાગની ટીમ મોકલીને તેના ઘર... પરિવારમાં પણ જરૂરી અગમચેતીના ભાગરૂપે તપાસ અને આરોગ્ય વિષયક અને ફોગીંગ પ્રક્રિયા હાથ ધરાય તે જરૂરી છે.

### એક્સપ્રેસ ખડી પડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદ અને કાનપુરના આઈજીએ બે લોકોના મોતને સમર્થન આપ્યું છે. સ્લીપર કોચ નંબર ૯૮૨૨૨ નહેરમાં પડી ગયા બાદ તેને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે સ્લીપર કોચ ૧૧૨૪૬ લટકી ગયા બાદ તેને પણ બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર દર્શાવવામાં આવી રહી છે. આ ટ્રેન દુર્ઘટના કાનપુર દેહાતના રૂરા સ્ટેશન પર બની હતી. આ જગ્યા કાનપુરથી આશરે ૭૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. એમ કહેવામાં આવે છે કે કાનપુરથી દિલ્હી તરફ જઈ રહેલી સિયાલદહ- અજમેર એક્સપ્રેસ ટ્રેનના ૧૩ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા જ્યારે બે ડબ્બા ઉતરીને નહેરમાં ખાબકી ગયા હતા. તેમને બહાર કાઢવાના પ્રયાસ તરત જ હાથ ધરવામાં આવ્યા હતા. કાનપુર દેહાતના રૂરા સ્ટેશનના હોમ સ્ટાર્ટરની પાસે આ બનાવ સવારે ૫.૧૫ વાગે બન્યો હતો. મોટા ભાગના દુર્ઘટનાગ્રસ્ત કોચ સ્લીપર કોચ હોવાનુ જાણવા મળ્યુ છે. સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યુ છે. રેલવેની બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ ગઈ છે. ઘાયલ થયેલા લોકોમાં ટ્રેનના ગાર્ડનો પણ સમાવેશ થાય છે. તમામ ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### સજાની જોગવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિની મંજુરી મળી ગયા બાદ આ વટહુકમને અમલી કરી દેવામાં આવશે. સાતમી ડિસેમ્બરના દિવસે એવા અહેવાલ આવ્યા હતા કે સરકાર જુની નોટોની કાયદેસરતાને ખતમ કરવા માટે વટહુકમ લાવી શકે છે અને આખરે આ વટહુકમ લાવીને સરકારે આ અંગેની કુશળતાની સાથે સાથે જુની નોટ ધરાવનાર ઉપર તવાઈ લાવવાનો નિર્ણય કર્યો છે. હકીકતમાં તમામ નોટ પર આરબીઆઈ ધારકને એ નોટના મૂલ્યના બરોબર રકમ આપવા માટે વચન આપે છે. નિષ્ણાતોના કહેવા મુજબ નોટની આપવામાં આવેલી કાયદેસરતા એજ વખતે ખતમ થઈ જશે જ્યારે દરેક વ્યક્તિને જૂની નોટને આપવા માટે પુરતો સમય આપવામાં આવ્યો. ત્યારબાદ કાયદાકીય રીતે કાયદાને અપનાવીને સજા કરવામાં આવી શકે છે. નાણામંત્રી અરૂણ જેટલીએ પણ ગયા મહિને કહ્યું હતું કે કેટલાક કાયદાકીય પગલાં લેવાની જરૂરીયાત ઉભી થઈ શકે છે. આરબીઆઈના પૂર્વ ગવર્નર ડી.સુબ્બારાવે કહ્યું હતું કે જૂની નોટોને કાયદાકીય રીતે સંપૂર્ણપણે અમાન્ય કરવા માટે કેટલાક કાયદાઓમાં ફેરફાર કરવાની જરૂર ઉભી થઈ શકે છે.

### યાદી જાહેર કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. તેમની જગ્યાએ બેનીપ્રસાદ વર્માના પુત્રને ટિકિટ આપી દેવામાં આવી છે. બીજી બાજુ અયોધ્યા સીટથી પવન પાંડેની જગ્યાએ આશિષ પાંડેને ટિકિટ આપવામાં આવી છે. ગોપ અને પવન પાંડેને અખિલેશના નજીકના સાથી તરીકે ગણવામાં આવે છે. બીજી બાજુ પ્રધાન રામ ગોવિંદ ચૌધરીની ટિકિટ પણ કપાઈ ગઈ છે. સપાની યાદીમાં ત્રણ મંત્રીઓની ટિકિટ કપાઈ ગઈ છે. જ્યારે અખિલેશ દ્વારા બરખાસ્ત કરવામાં આવેલા આઠ પ્રધાનોને ટિકિટ આપવામાં આવી છે. નારદ રાય, અંબિકા ચૌધરી, સદાબ ફાતિમા, ઓમપ્રકાશ સિંહ, રાજા મહેન્દ્રસિંહ, શિવપાલસિંહ યાદવ, શિવકુમાર બેરીયા, યોગેશ પ્રતાપસિંહ, રાજકિશોરસિંહને ટિકિટ આપવામાં આવી છે. સપાના ૫૩ વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કાપી દેવામાં આવી છે.

### ઓનલાઈન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિ પોતાની ઓનલાઈન ઓળખાણ ગુપ્ત રાખે તે ખુબજ જરૂરી છે. તેમજ કંઈ પણ શંકાસ્પદ લાગે તો તુરંત જ પાસવર્ડ બદલવા સહિતના અન્ય સુરક્ષાના પગલાં લેવા જરૂરી છે. જો કોઈ વ્યક્તિ સાયબર ક્રાઈમનો ભોગ બને તો પોલીસ ફરિયાદ ઉપરાંત એડજુડિકેટિંગ ઓફિસર સચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, બ્લોક નં.૭, પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર સમક્ષ વળતર મેળવવા અરજી કરી શકશે.

### ગ્લોબલ ટ્રેડ-શો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ ઈલેક્ટ્રીફિકેશનનુ કામ મુખ્ય છે. ગ્લોબલ ટ્રેડ શો માં અંદાજિત ૧૫ લાખ મુલાકાતીઓ આવે તેવી સંભાવના છે. પ્રધાનમંત્રી સહીત ઉદ્યોગપતિઓ અને આમ નાગરિકોમાં ટ્રેડ શો ની મુલાકાત લેશે. જયારે હાલ એક્ઝિબીશન સેન્ટરના સ્થળે સ્થિત ૧૩ જેટલા ડોમને તૈયાર કરવામાં આવી રહયા છે. આ તમામ ડોમ્સમાં એ સી પ્લાન્ટ ફીટ કરવામાં આવી રહયા છે.એકઝિબીશન સેન્ટરમાં લાઈટ સાઉન્ડ તેમજ એલ ઈ ડી લાઈટ પણ ફીટ કરવામાં આવશે. વધુમાં વિજળીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા ટોરેન્ટ પાવર પાસે વધુ ૧૫ મેગા વોટના સપ્લાયની માંગણી કરી છે. એક્ઝિબીશન સેન્ટરમાં વધુ બે નવા ડોમ તૈયાર કરવાનુ કામ પણ ચાલી રહયુ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે એક્ઝિબીશન સેન્ટર ફરતે સલામતીના ભાગરૂપે વોલ પર સ્પાઈરલ ફેન્સીંગનુ પણ સમારકામ ચાલી રહયુ છે.

### વાઈ-ફાઈ સુવિધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરના નાગરિકોને ઝડપી, ગુણવત્તા સભર અને વ્યાજબી ભાવે વાઈ-ફાઈ સર્વિસ ઉપલબ્ધ બનશે. આ માટે શહેરમાં કુલ ૭૫૦ જેટલા એક્સેસ પોઈન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ વાઈ-ફાઈ સુવિધાથી શહેરના ૭૦ ટકા વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. હાલ શહેરમાં ૧ લાખ ૨૨ હજાર જેટલા યુઝર્સ રજીસ્ટર્ડ થયા હોવાનું જાણવા મળેલ છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૧૫માં આ પ્રોજેક્ટ લેવાનો નિર્ણય કરાયા બાદ જીયુડીસી દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનો પ્રારંભ જાન્યુઆરી-૧૬ સુધીમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવાની હતી પરંતુ ૮ મહિનાના વિલંબ પછી હવે આ પ્રોજેક્ટ અમલીકરણ તરફ ગતિ કરી રહેલ છે.

ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ દ્વારા ગત મહિને આ અંગેની મરામત -જાળવણી અને નિભાવણીની સંપૂર્ણ જવાબદારી મનપાને સોંપવાના હુકમો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરની સ્માર્ટ સીટીની દરખાસ્ત હજુ ભારત સરકારની વિચારણા હેઠળ છે. પણ રાજ્ય સરકારે ગુજરાત શહેરી વિકાસ કંપની મારફતે આ પ્રોજેક્ટ હાથ પર લીધો હતો અને માર્ચ પછી આ પ્રોજેક્ટ માટેની જવાબદારી મહાનગરપાલિકાના શિરે નાખવામાં આવી હતી.

### રોશનીનો ઝગમગાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થી વધુ લાઈટો મુકવામાં આવશે. જયારે ખાસ કરીને ઈન્દ્રોડા થી વૈષ્ણવદેવી સર્કલ સુધીના રૂટમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં લાઈટો ફીટ કરવામાં આવશે. તા ૯ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન આ માર્ગ પર જગમગાટ જોવા મળશે. પ્રધાનમંત્રી જે રૂટમાંથી પસાર થવાના છે. ત્યાં સલામતીના દ્રષ્ટીકોણને ધ્યાને લઈ અજવાળુ પાથરવામાં આવશે. આ મામલે જિલ્લા પોલીસ તંત્ર સાથે પણ વિભાગના અધિકારીઓ દ્વારા જરૂરી સંકલન કરી સલામતીના પરિબળોને મજબુત કરવા પગલા હાથ ધરાયા છે. રૂટમાં આવતા વૃક્ષોમાં પણ લાઈટ મુકવામાં આવશે. પ્રધાનમંત્રીના રૂટમાં જરૂરી લાઈટીંગ સાથે રોશની પણ કરવામાં આવશે. લાઈટીંગ તેમજ રોશનીની કામગીરી માટે અંદાજિત રૂ ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.


### જાહેર નિવિદા

બાયડ નગરપાલિકાથી નીચે મુજબના કામો માટે ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

| અનુ. | કામનું નામ |
|---|---|
| ૧. | બાયડ નગરપાલિકાના કર્મચારીઓ માટે ગણવેશ માટે સ્ટાન્ડર્ડ કંપનીના પેન્ટ - શર્ટનું કાપડ ખરીદી અંગેના ૧ મીટરના તથા સ્ત્રી કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ન્ડ લેડીઝ ડ્રેસ જોડી-૧ તથા સાડી / સાડી ફોલ અને બ્લાઉઝ પીસ કાપડના ભાવો આપવા બાબત. |
| ૨. | કર્મચારીઓના ગણવેશ જોડી-૧ના તેમજ સાડી ફોલ, બ્લાઉઝની સિલાઈ કરી તૈયાર કરી આપવાના ભાવો આપવા બાબત. |
| ૩. | નગરપાલિકા માટે સ્ટાર્ન્ડન્ડ કંપનીની ઓફિસ રીવોલ્વીંગ ચેર અંદાજે - ૧૩ તથા ઓફિસ ટેબલ અંદાજે-૬ ખરીદવા અંગે નંગ-૧ના તમામ ટેક્ષ સાથે FOR નગરપાલિકા કચેરી બાયડ બેઠાના ભાવ આપવા બાબત |

ઉપરોક્ત કામો માટે રસ ધરાવતા વેપારી ભાઈઓ તથા દરજી ભાઈઓએ પોતાના ભાવપત્રકો આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં પ્રમુખશ્રી / ચીફઓફિસરશ્રી બાયડ નગરપાલિકાના સરનામે સીલબંધ કવરમાં રજી. પોસ્ટ / રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે. સીલબંધ કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. ઉપરોક્ત આવેલ ભાવપત્રકો મંજુર / નામંજુર કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારને રહેશે.

શ્રી એલ. બી. દેસાઈ, ચીફ ઓફિસર, બાયડ નગરપાલિકા
શ્રી વરૂણ એસ. પટેલ, પ્રમુખ, બાયડ નગરપાલિકા